

રખડતા કૂતરાઓના ત્રાસ અંગે અનોખું વિરોધ પ્રદર્શન

# ચીફ ઓફિસરના ટેબલ પર ગલુડિયા મૂક્યા

**નાસિક** જિલ્લાના નિફાડમાં વિરોધ પ્રદર્શનકારીઓ નગર પંચાયતની કચેરીમાં બે ગલુડિયા લઇને આવ્યા

**છેલ્લા** છ મહિનાથી રખડૂ કૂતરાઓની ત્રાસની ફરિયાદો સાંભળવામાં આવતી ન હોવાનો દાવો

**આ વિરોધ** પ્રદર્શન બદલ પોલીસે શિવસેના( યુબીટી) ના કેટલાક નેતાઓ સામે ગુનો દાખલ કર્યો

નાસિક, તા. ૧૭(PTI): મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં રખડતા કૂતરાઓના વધતા ત્રાસ સામેના એક વિરોધ પ્રદર્શનમાં ત્યારે વિચિત્ર વળાંક આવ્યો હતો જ્યારે પ્રદર્શનકારીઓ નગર પંચાયતની કચેરીમાં બે ગલુડિયાં લાવ્યા અને તેમને ચીફ ઓફિસરના ટેબલ પર છોડી દીધા.

બુધવારની આ ઘટનાના એક વાયરલ વીડિયોમાં શિવસેના(UBT) ના જિલ્લા યુવા પાંખના હોદ્દેદાર વિક્રમ રાંધવે બે કોથળામાંથી કૂતરાં બહાર કાઢીને નિફાડ નગર પંચાયતના મુખ્ય અધિકારી ધીરજ ભામરેના ટેબલ પર મૂકતા જોવા મળે છે. અમે છેલ્લા છ મહિનાથી તમારી સામે રખડતા કૂતરાઓના ત્રાસની સમસ્યા રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, પરંતુ તમે અમારી વિનંતીઓને અવગણી છે એમ રાંધવે સ્તબ્ધ થઈ ગયેલા અધિકારીને કહ્યું હતું. સામે અધિકારીએ તેમને જણાવ્યું કે નાગરિક સંસ્થાએ રખડતા કૂતરાઓની સમસ્યાથી નિપટવા માટે પહેલાથી જ કામના ટેન્ડર બહાર પાડી દીધા છે.


# તૃણમૂલના હરીફ જુથોને પેટા ચૂંટણીઓમાં પક્ષના નામ, પ્રતિકનો ઉપયોગ કરવાની મનાઇ

**બંને** જૂથો પોતે મૂળ પક્ષ હોવાનો દાવો કરી રહ્યા છે

**નિર્ણય** ન આવે ત્યાં સુધી પક્ષના નામ કે પ્રતિકનો ઉપયોગ કરવા પર ચૂંટણી પંચની મનાઇ

નવી દિલ્હી, તા. 17(PTI): ચૂંટણી પંચે ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (AITC)ના હરીફ જૂથોને પશ્ચિમ બંગાળની પેટાચૂંટણી દરમિયાન પક્ષના નામના તેમજ "ફૂલ અને ઘાસ" પ્રતીકનો ઉપયોગ ન કરવા નિર્દેશ આપ્યો છે, અને શુક્રવારે સવાર સુધીમાં તેમના પસંદગીના નામો અને પ્રતીકો રજૂ કરવા જણાવ્યું છે.

ગુરુવારે રાત્રે જાહેર કરવામાં આવેલા પોતાના વચગાળાના આદેશમાં ચૂંટણી પંચે મમતા બેનર્જી અને અરુપ રોયના નેતૃત્વ હેઠળના બે જૂથોના નેતાઓને સાંભળ્યા બાદ જણાવ્યું હતું કે, ચૂંટણી પ્રતીક (અનામત અને ફાળવણી) ઓર્ડર, 1968ની જોગવાઈઓ હેઠળ ચૂંટણી સંસ્થા દ્વારા આ બાબતે સ્પષ્ટ નિર્ણય લેવો જરૂરી છે. વચગાળાના આદેશમાં જણાવાયું છે કે, "રેકોર્ડ પર ઉપલબ્ધ તમામ માહિતીની યોગ્ય વિચારણા કર્યા પછી... કમિશનનો એવો અભિપ્રાય છે કે ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસમાં બે હરીફ જૂથો છે, એકનું નેતૃત્વ શ્રીમતી મમતા બેનર્જી કરી રહ્યા છે અને બીજાનું નેતૃત્વ શ્રી અરુપ રોય કરી રહ્યા છે." તેમાં ઉમેર્યું છે કે, "દરેક જૂથ હવે મૂળ પક્ષ હોવાનો દાવો કરી રહ્યું છે, અને તેથી કમિશને ચૂંટણી પ્રતીક (અનામત અને ફાળવણી) ઓર્ડર, 196૮ના ફકરા 15 હેઠળ આ બાબતે સ્પષ્ટ નિર્ણય લેવાની જરૂર છે." તે અનુસાર, કમિશને જણાવ્યું હતું કે બંને વિરોધી જૂથોને સરખો ન્યાય આપવા અને તેમના અધિકારો તેમજ હિતોનું રક્ષણ કરવા માટે, ભૂતકાળના દાખલાઓને ધ્યાનમાં રાખીને, કમિશને વર્તમાન પેટાચૂંટણીના હેતુને પૂરો કરવા અને આ મામલે આખરી નિર્ણય ન આવે ત્યાં સુધી આ વચગાળાનો આદેશ આપ્યો છે.



» ચીનના શાંઘાઈમાં ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર સુધી યોજનારા ૩જા 'શાંઘાઈ ઇન્ટરનેશનલ લાઈટ ફેસ્ટિવલ'નો હવાંગપુ ડિસ્ટ્રિક્ટના યાન્ઝોંગ ગ્રીન સ્પેસ ખાતે ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો. શાંઘાઈ શહેરના હવાંગપુ ડિસ્ટ્રિક્ટ સ્થિત યાન્ઝોંગ ગ્રીન સ્પેસ ખાતે ૩જા 'શાંઘાઈ ઇન્ટરનેશનલ લાઈટ ફેસ્ટિવલ'નો સત્તાવાર પ્રારંભ થયો છે. આ ૩૦ દિવસીય રોશનીના મહોત્સવમાં મુખ્ય સ્થળ ઉપરાંત શહેરભરના ૧૬ સબ-વેન્યુ પર ૧૫૮ થીમ-આધારિત આકર્ષક કાર્યક્રમો યોજાશે. 'હવાઈહાઈ વંડર નાઈટ' શ્રેણી અંતર્ગત જેઝ પરેડ, ડ્રીમી બબલ શો અને આંતરરાષ્ટ્રીય કઠપૂતળી થિયેટર જેવા સાંસ્કૃતિક શો યોજાશે. મહોત્સવના મોટાભાગના વિસ્તારોમાં જાહેર જનતા માટે પ્રવેશ નિ:શુલ્ક રાખવામાં આવ્યો છે.

# ટ્રમ્પના પુત્રો સાથે જોડાયેલી અમેરિકન ડ્રોન કંપનીના પાકિસ્તાન સેના સાથે સંરક્ષણ કરાર

**પાકિસ્તાન** આર્મી ચીફ અસીમ મુનીર સાથે બેઠક બાદ પાવરઅસ કંપનીએ કર્યો સમજૂતી કરાર



ન્યૂયોર્ક, તા. 17 : અમેરિકાની જાણીતી ડ્રોન ઉત્પાદક કંપની 'પાવરઅસ' અને પાકિસ્તાન આર્મી વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર થયા છે. આ કરાર હેઠળ પાકિસ્તાન સેનાએ પાવરઅસને ડ્રોન સંબંધિત પ્રાથમિક ઓર્ડર પણ આપ્યો છે. કંપનીના સહ-સ્થાપક બ્રેટ વેલિકોવિચના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળે પાકિસ્તાન આર્મી ચીફ ફીલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે મુલાકાત કરીને સંરક્ષણ ખરીદી, ઉત્પાદન અને ક્ષમતા નિર્માણ અંગે ચર્ચા કરી હતી. આ સોદો એટલા માટે ચર્ચામાં આવ્યો છે કારણ કે પાવરઅસ કંપનીનું ટૂંક સમયમાં 'ઓરેઅસ ગ્રીનવે હોલ્ડિંગ્સ' સાથે વિલીનીકરણ થવાનું છે. આ પબ્લિકલી ટ્રેડેડ કંપનીમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રો–ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર અને એરિક ટ્રમ્પ એક રોકાણ ફંડ દ્વારા ૯.૯% હિસ્સેદારી ધરાવે છે. અમેરિકા અને પાકિસ્તાન વચ્ચે સુધરતા સંબંધો વચ્ચે આ સંરક્ષણ કરાર સામે આવ્યો છે. પાવરઅસનો હેતુ પાકિસ્તાનમાં સંયુક્ત ટેકનોલોજી વિકસાવવાનો અને ભવિષ્યમાં સ્થાનિક સ્તરે ડ્રોન નિર્માણની શક્યતાઓ ચકાસવાનો છે. જોકે, કંપનીના સંચાલકો તેમજ ટ્રમ્પ જુનિયરના પ્રવક્તાએ સ્પષ્ટતા કરી છે કે આ કરાર સંપૂર્ણપણે ગુણવત્તાના આધારે થયો છે અને તેમાં ટ્રમ્પના પુત્રોનો કોઈ બિઝનેસ હસ્તક્ષેપ કે પ્રત્યક્ષ ભૂમિકા નથી. વ્હાઇટ હાઉસે પણ આ બાબતમાં કોઈ 'કોન્ફ્લિક્ટ ઓફ ઈન્ટરેસ્ટ' (હિતોનો ટકરાવ) ન હોવાની પુષ્ટિ કરી છે.

નવા વાહનો પર બેન અને લગ્નમાં માત્ર એક ડિશ પીરસવા આદેશ

# ઈંધણના સંકટ વચ્ચે પાકિસ્તાનમાં કડક અંકુશ

**મધ્ય** પૂર્વના યુદ્ધ અને વધતી ઈંધણની તંગીને પગલે પાકિસ્તાન સરકારે દેશભરમાં કોવિડ કાળ જેવા કડક કરકસરના પગલાં લાગુ કર્યા



ઈસ્લામાબાદ, તા. 17 : પાકિસ્તાનની કેબિનેટ ડિવિઝન દ્વારા ઈંધણનો બચાવ કરવા અને બિનજરૂરી ખર્ચ રોકવા માટે તાત્કાલિક અસરથી નીચે મુજબના આકરા નિર્ણયો લેવાયા છેઃ

**વાહનો અને ઈંધણ પર પ્રતિબંધઃ**

સરકારી ક્ષેત્રે તમામ પ્રકારના નવા વાહનોની ખરીદી પર સંપૂર્ણ પ્રતિબંધ.

સરકારી અધિકારીઓના વાહનો માટેના ઈંધણ ભથ્થામાં ૩ મહિના માટે ૫૦%નો કાપ (સેના અને ઈમરજન્સી સેવાઓને આમાંથી મુક્તિ).

**બજારો અને વેપારના સમયમાં ફેરફાર**

તમામ દુકાનો, શોપિંગ મોલ અને બજારો રાત્રે ૯:૦૦ વાગ્યે બંધ કરી દેવાશે.

લગ્ન હોલ અને મેરેજ ફંક્શન્સ રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી જ ચાલશે, જ્યારે રેસ્ટોરન્ટ અને કેફે રાત્રે ૧૧:૦૦ વાગ્યે બંધ કરવા પડશે (ટેક-અવે અને હોમ ડિલિવરી ચાલુ રહેશે).

હોસ્પિટલો, ફાર્મસી, પેટ્રોલ પંપ અને ઈવી ચાર્જિંગ સ્ટેશનો સમય મર્યાદામાંથી મુક્ત રહેશે.

**લગ્ન પ્રસંગો અને સત્તાવાર ઈવેન્ટ્સઃ**

લગ્ન સમારંભોમાં મહેમાનો માટે માત્ર એક જ વાનગી (સિંગલ ડિશ) પીરસવાની છૂટ આપવામાં આવી છે.

સરકારી ડિનર અને ફાઈવ સ્ટાર હોટેલ્સમાં યોજાતા સેમિનારો કે કોન્ફરન્સ પર રોક લગાવાઈ છે.

**વિદેશ પ્રવાસ અને ખર્ચ કાપઃ**

સરકારી અધિકારીઓ, મંત્રીઓ અને સલાહકારોના વિદેશ પ્રવાસ પર ૩ મહિના માટે બેન. અત્યંત અનિવાર્ય પ્રવાસમાં માત્ર 'ઈકોનોમી ક્લાસ'માં જ મુસાફરી કરી શકાશે.

સરકારી વિભાગોના માસિક બિન-કર્મચારી ખર્ચમાં ૫%નો કાપ મૂકવામાં આવ્યો છે.






# ગામ ભાઠાનાં બ્લોક નં. ૧૮૭/બ વાળી જમીન અંગે જાહેર ચેતવણી

જી. સુરત, તા. ચોર્યાસી, મોજે ગામઃ ભાઠાના રે. સ. નં. ૧૧૮+૧૨૨, ૧૧૭+૧૨૩/૩, ૧૧૧/૧, ૧૧૨ થી ૧૧૪, ૧૧૬/૧+૨, ૧૨૫+૧૨૬ જેનો બ્લોક નં. ૧૮૭/બ થી નોંધાયેલી ખેતીની જમીન કે જેનું ગામ નમુના નં. ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૪-૭૬-૫૧ યાને ૪૭૬૫૧ ચો.મી. છે જેને ટી.પી.સ્કીમ નં.૯૩ (પાલ-પાલણપોર-ભાઠા), ફા.પ્લોટ નં. ૧૧૩ જેનું ફા.પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૮૫૯૧ ચો.મી. છે તે જમીનના માલિક **ફરીદોખ્ત તે ફરામરોઝ નરીમાન લાકડાવાલાની પુત્રી અને આદીલ નાસીરવાન શેઠનાની પત્ની** ચાલી આવેલા.

મજકુર જમીન પૈકી ૭/૧૨ મુજબની ૩૦૮૭૦ ચો.મી. વાળી જમીન મજકુર માલિક **ફરીદોખ્ત તે ફરામરોઝ નરીમાન લાકડાવાલાની પુત્રી અને આદીલ નાસીરવાન શેઠનાની પત્નીએ** હમારા અસીલને વેચાણ આપેલ અને તે અંગેનું એક સાટાખત તેઓએ કરી આપેલ. તે સાટાખતમાં સંમતિ આપનાર તરીકે સ્યોમદ આદીલ શેઠના પણ સામેલ થયેલા, જે સાટાખત નોટરીશ્રી અમર આર. પટેલના રજીસ્ટરમાં **અનુક્રમ નં. ६६६ થી તા. ૨૨.૦૩.૨૦૨૩** નાં રોજ નોંધાયેલું છે અને મજકુર સાટાખતની રૂએ હમારા અસીલે **રૂા.૧૫,૦૦,૦૦૦/-** જેવી મોટી રકમ ચેકથી ચુકવી આપેલ છે અને ત્યારબાદ સદરહુ જમીનના અવેજ પેટે હમારા અસીલે ચેકથી વધુ રકમ **રૂા. ૨,૩૫,૦૦,૦૦૦/-** પુરા ચુકવી આપેલ છે. આમ કુલ્લે **રૂા. ૨,૫૦,૦૦,૦૦૦/-** જેટલી ઘણી મોટી રકમ હમારા અસીલે મજકુર જમીન માલિકને ચેકથી ચુકવી આપેલ છે, જેના પુરાવા હમારા અસીલ પાસે મૌજુદ છે અને હમારા અસીલ બાકી રહેતો અવેજ ચુકવી આપવા રાજી અને તૈયાર હતાં અને છે તથા હમારા અસીલે સાટાખતની તમામ શરતોનું પાલન કરેલ છે.

આમ, ઉપર જણાવ્યા મુજબ સદરહુ જમીનમાં હમારા અસીલના સાટાખતની રૂએ કાયદેસરના હકકો ચાલી આવેલ હોવા છતાં **ફરીદોખ્ત તે ફરામરોઝ નરીમાન લાકડાવાલાની પુત્રી અને આદીલ નાસીરવાન શેઠનાની પત્નીએ** હમારા અસીલની પીઠ પાછળ અને હમારા અસીલના કાયદેસરના સાટાખતની રૂએના હકકો ડુબાડવાના બદઈરાદાથી, ગેરકાયદેસર અને ખોટી રીતે મજકુર જમીન પૈકી ફા. પ્લોટ મુજબ ૪૫૭૪ ચો.મી. (૭/૧૨ મુજબ ૭૬૨૪ ચો.મી.) વાળી જમીન **(૧) ધનજીભાઈ લાલજીભાઈ પટેલ, (૨) દીલીપભાઈ ભગવાનભાઈ પટેલ ઉર્ફે મોણપરા, (૩) કિરીટસિંહ મહોબતસિંહ પરમાર, (૪) દેવરાજભાઈ મોહનભાઈ પટેલ, (૫) નાનુભાઈ પ્રેમજીભાઈ પટેલ તથા (૬) કિર્તીકુમાર વ્રજલાલ ગોંડલીયાને** તા.: ૨૦.૩.૨૦૨૫નાં રોજના કહેવાતા રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૯૯૬ની રૂએ વેચાણ કરી દીધેલ છે, જેમ કરવાનો મજકુર જમીન માલિકને કાયદેસરનો કોઈ હકક કે અધિકાર ન્હોતા કે નથી અને તે કહેવાતો વેચાણ દસ્તાવેજ હમારા અસીલને કોઈપણ રીતે બંધનકર્તા ન્હોતા કે નથી.

તેમજ મજકુર જમીન માલિક ફરીદોખ્ત તે **ફરામરોઝ નરીમાન લાકડાવાલાની પુત્રી અને આદિલ નાસીરવાન શેઠનાની પત્નીએ** હમારા અસીલની પીઠ પાછળ અને હમારા અસીલના કાયદેસરના સાટાખતની રૂએના હકકો ડુબાડવાના બદઈરાદાથી, ગેરકાયદેસર અને ખોટી રીતે મજકુર જમીન પૈકી પશ્ચિમ દિશા તરફની ફા.પ્લોટ મુજબની ૧૮૦૦૦ ચો.મી. (૭/૧૨ મુજબ ૩૦૦૦૦ ચો.મી.) વાળી જમીન **(૧) રવજીભાઈ પ્રેમજીભાઈ પટેલ, (૨) વેલજીભાઈ મોહનભાઈ શેટા, (૩) નાનુભાઈ પ્રેમજીભાઈ પટેલ ઉર્ફે મોણપરા, (૪) દેવરાજભાઈ મોહનભાઈ પટેલ તથા (૫) દિલીપભાઈ ભગવાનભાઈ પટેલ ઉર્ફે મોણપરાને તા.: ૩૦.૪.૨૦૨૫નાં રોજના કહેવાતા રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૦૭૧ની રૂએ વેચાણ કરી દીધેલ છે,** જેમ કરવાનો મજકુર જમીન માલિકને કાયદેસરનો કોઈ હકક કે અધિકાર ન્હોતા કે નથી અને તે કહેવાતો વેચાણ દસ્તાવેજ પણ હમારા અસીલને કોઈપણ રીતે બંધનકર્તા ન્હોતા કે નથી.

**મજકુર બંને કહેવાતા દસ્તાવેજો ગેરકાયદેસરના, બિનઅમલી, દગાફટકા વાળા અને બદદાનતભર્યા છે અને હમારા અસીલના સાટાખતની રૂએના કાયદેસરના હકકો ઉભેલા હોવા છતાં તે હકકોને ડુબાડવા માટેના બદઈરાદાથી કરવામાં આવેલાનું જણાય છે અને તેવા કહેવાતા દસ્તાવેજોના આધારે મજકુર કહેવાતા ખરીદનારાઓને પ્રાપ્ત થતા નથી અને વેચનાર તથા ખરીદનાર બંને એકબીજાના મેળાપીપણામાં હમારા અસીલના કાયદેસરના સાટાખતની રૂએના હક્કો ડુબાડવા માટે તેવા ગેરકાયદેસરના દસ્તાવેજો ઉભા કરેલા છે.**

હમારા અસીલના સાટાખતનો કાયદેસરનો અમલ કરવા માટે હરહંમેશ રાજી અને તૈયાર છે અને હતાં તેમ છતાં મજકુર જમીન માલિકોએ હમારા અસીલની પીઠ પાછળ અને જાણ બહાર કહેવાતા વેચાણ દસ્તાવેજો કરી આપેલ છે તે કહેવાતા વેચાણ દસ્તાવેજો રદબાતલ કરાવવા માટે મજકુર જમીન માલિક તથા કહેવાતા ખરીદનારા વિરૂદ્ધ હમારા અસીલ કાયદેસરની કાર્યવાહી કરનાર છે. સદર જમીનમાં હમારા અસીલના કાયદેસરના હક્કો ઉભેલા છે અને સદરહુ સાટાખતના આધારે હમારા અસીલ તેના વિશેષ અમલ માટેની કાર્યવાહી પણ કરનાર છે. સદરહુ જમીન હમારા અસીલ સિવાય અન્ય કોઈને વેચાણ કરવાનો મજકુર **ફરીદોખ્ત તે ફરામરોઝ નરીમાન લાકડાવાલાની પુત્રી અને આદીલ નાસીરવાન શેઠનાની પત્નીને** કોઈ હક્ક કે અધિકાર ન્હોતા કે નથી. ઉપરોક્ત જે કહેવાતા દસ્તાવેજ થયેલ છે તે ખોટો, ગેરકાયદેસરનો અને ગુન્હાહિત કૃત્ય સ્વરૂપનો છે અને તે કહેવાતા દસ્તાવેજની રૂએ ઉપરોકત ખરીદનારાઓને પણ કોઈ કાયદેસરના હક્કો પ્રાપ્ત થતા નથી અને હમારા અસીલ મજકુર જમીન માલિક તથા ખરીદનારા વિરૂદ્ધ ફોજદારી રાહે પણ કાર્યવાહી કરનાર છે અને સદરહુ જમીન કે તેનો કોઈ ભાગ ઉપરોક્ત વ્યક્તિઓ પાસેથી કોઈએ ખરીદવો નહીં અને ઉપરોક્ત ચેતવણી છતાં કોઈપણ વ્યકિત |મજકુર જમીન અંગે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેંક કે અન્ય કોઈપણ શખ્સ કોઈપણ વ્યવહાર કરશે તો તેઓને પણ કાયદાકીય પ્રકરણોમાં સંડોવાવું પડશે અને તેઓ સામે પણ સીવીલ તથા ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે, જેની આથી છેવટની નોંધ લેવી.

હમારી મારફત
**મનિષ જે. ગાંધી / હિરેન એચ. પટેલ**
એડવોકેટસ
૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ, પાર્લે પોઈન્ટ, સુરત.

અમારા અસીલ
**ભૂપતભાઈ ઠાકરશીભાઈ માવાણી**